પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વિશેષ શાખા
કચેરી ટેલીફોન નં-૫૬૨૦.૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં-૫૬૨૦.૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક: જી/સીપી/વિશા/જાહેરનામુ/૫૫૫ /૨૦૨૨ તા.૦૩ /૦૨/૨૦૨૨

**-: જાહેરનામું :-**

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ. ૩૭(૪) અન્વયે કાઢેલ હુકમ:**

સંદર્ભ:- (૧) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તારીખ.૦૩/૦૨/૨૦૨૨
(૨) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તારીખ.૨૧/૦૧/૨૦૨૨

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને WHO દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શીકાઓ બહાર પાડવામાં આવેલ છે.

૧. રાજયમાં COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાને લેતાં રાજય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૨૧/૦૧/૨૦૨૨ ના હુકમ ક્રમાંકઃવિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી રાજયના ૮ મહાનગરો તથા ૨૭ શહેરોમાં રાત્રિ કરફ્યુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવામાં આવેલ. જેની અવધિ ગૃહ વિભાગના તા.૨૮/૦૧/૨૦૨૨ ના હુકમથી તા.૦૪/૦૨/૨૦૨૨ ના સવારના ૦૬/૦૦ સુધી લંબાવવામાં આવેલ છે.

૨. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭/૧૨/૨૦૨૧ ના હુકમથી કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૨૧/૧૨/૨૦૨૧ ના પત્ર અ.સ. પત્ર અન્વયે રાજયોને કોરોનાનો વ્યાપ અટકાવવા માટે સુચનાઓનો અમલ કરવાનો રહે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭/૦૧/૨૦૨૨ ના હુકમથી તા.૨૭/૧૨/૨૦૨૧ ના હુકમની અવધિ તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.

૩. રાજયમાં કોરોનાની વર્તમાન પરિસ્થિતીની સમીક્ષા બાદ રાજય સરકારશ્રી, ગૃહ વિભાગના તા.૦૩/૦૨/૨૦૨૨ ના હુકમ ક્રમાંકઃવિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી તા.૦૪/૦૨/૨૦૨૨ ના સવારના ૦૬/૦૦ કલાકથી તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ સવારના ૦૬/૦૦ કલાક સુધી રાજય સરકાર દ્વારા નીચે મુજબના નિયંત્રણો અમલમાં મુકવા નિર્ણય લેવામાં આવેલ છે.

વડોદરા શહેર વિસ્તાર વસ્તીની દ્રષ્ટિએ ગીચ અને ભીડભાડ વાળુ હોય નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાં રુપે જાહેર જનતાના હિતમાં ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગના ઉપરોકત સંદર્ભીત પત્ર (૧) હુકમ અન્વયે વાસ્તે હું ડો. શમશેર સિંઘ, (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રી ના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર: જીજી/ ૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નંબર:જીજી/ ફઅ/ ૧૦૮૮/ ૬૭૫૦/મ.અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે નીચે મુજબ હુકમ કરુ છું.

વડોદરા શહેરમાં તા.૦૪/૦૨/૨૦૨૨ ના સવારના ૦૬/૦૦ કલાકથી તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ સવારના ૦૬/૦૦ કલાક સુધી (દરરોજ રાત્રીના કઃ૧૦/૦૦ થી સવારના ૦૬/૦૦ કલાક સુધી) રાત્રી કરફ્યુ તથા નીચે મુજબનાં નિયંત્રણો અમલમાં રહેશે.

**૪. નિયંત્રણો:**

| અનુ. | વિગતો | નિયંત્રણો |
|---|---|---|
| ૧. | રાત્રિ કરફ્યુ | વડોદરા શહેરમાં દરરોજ રાત્રિના ૧૦.૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુ અમલમાં રહેશે. |
| ૨. | દુકાનો વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી/ બજાર હાટ, હેર કટીંગ સલૂન, સ્પા અને બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ | વડોદરા શહેરમાં સામે દર્શાવેલ વ્યાપારિક ગતિવિધિ રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૩. | હોટેલ/રેસ્ટોરેન્ટસ | બેઠક ક્ષમતાના ૭૫% સાથે રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.<br>હોટેલ/ રેસ્ટોરેન્ટ્સમાં Home delivery સેવાઓ 24x7 ચાલુ રાખી શકાશે. |
| ૪. | વડોદરા શહેરમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. |
| ૫. | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં મહત્તમ ૩૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.<br>લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરાવવાની રહેશે. |
| ૬. | અંતિમક્રિયા/દફનવિધી | મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજુરી |
| ૭. | પબ્લિક તથા પ્રાઈવેટ બસ ટ્રાન્સપોર્ટ | નોન. એ.સી. બસ સેવાઓ ૭૫% ક્ષમતા સાથે (Standing not allowed)<br>જ્યારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે. |
| ૮. | સિનેમા હૉલ | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૯. | જીમ | સમાવેશ ક્ષમતાના ૫૦% થી ચાલુ રાખી શકાશે. |
| ૧૦. | વોટર પાર્ક તથા સ્વિમીંગ પુલ | ક્ષમતાના મહત્તમ ૫૦% સાથે ચાલુ રાખી શકાશે. |
| ૧૧. | વાંચનાલયો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૧૨. | ઑડિટોરિયમ, એસેમ્બલી હૉલ, મનોરંજક સ્થળો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૧૩. | જાહેર બાગ-બગીચાઓ | રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી |
| ૧૪. | ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો/ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક / ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો | સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે |
| ૧૫. | શૈક્ષણિક સંસ્થાઓ | શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન ચાલુ રાખી શકાશે. |
| ૧૬. | શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક / ભરતી અંગેની પરીક્ષાઓ | કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે. |
| ૧૭. | સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ / સ્પોર્ટ્સ સ્ટેડીયમ / સંકુલમાં રમતગમત | પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર ચાલુ રાખી શકાશે. |

૫. ઉપરોકત તમામ આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેક્સિનના બે ડોઝ ફરજિયાત રહેશે.

૬. **રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમિયાન નીચેની બાબતો લક્ષમાં લેવાની રહેશે**

(૧) બીમાર વ્યક્તિ, સગર્ભાઓ, અશક્ત વ્યક્તિઓને સારવાર માટે એટેન્ડન્ટ સાથે અવરજવરની છૂટ રહેશે.

(૨) મુસાફરોને રેલ્વે, એરપોર્ટ, ST કે સીટી બસની ટિકીટ રજૂ કર્યેથી તેઓને અવરજવરની પરવાનગી આપવાની રહેશે.



Scanned by CamScanner

(૩) રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમ્યાન કોઇ પણ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો યોજી શકાશે નહી.

(૪) આવશ્યક સેવા સાથે સંકળાયેલ નાગરિકો/અધિકારીઓ/કર્મચારીઓએ અવરજવર દરમ્યાન માંગણી કર્યેથી જરુરી ઓળખપત્ર રજૂ કરવાના રહેશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળેલ વ્યક્તિઓએ તેમનું ઓળખપત્ર, ડોકટરનું પ્રીસ્ક્રીપ્શન, સારવારને લગતાં કાગળો અને અન્ય પુરાવાઓ રજુ કર્યેથી અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(૬) અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓ સાથે ફરજ પરના અધિકારી/કર્મચારીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે.

૭. **રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમિયાન નીચે જણાવેલ સેવાઓ/પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે.**

1) COVID-19ની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ સેવા તેમજ આવશ્યક/તાત્કાલિક સેવા સાથે સંકળાયેલ સેવાઓ.
2) મેડીકલ, પેરામેડીકલ તથા તેને આનુષંગિક આરોગ્યલક્ષી સેવાઓ.
3) ઓક્સિજન ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા.
4) ઇન્ટરનેટ/ટેલિફોન/ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર/ આઇ.ટી. અને આઇ.ટી. સંબંધિત સેવાઓ.
5) પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મિડીયા, ન્યુઝ પેપર ડીસ્ટ્રીબ્યુશન.
6) પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી./સી.એન.જી./પી.એન.જી.ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ, પોર્ટ ઓફ લોડિંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન, ડિસ્ટ્રીબ્યુશન અને રીપેરીંગ સેવાઓ
7) પોસ્ટ અને કુરીયર સર્વિસ
8) ખાનગી સિક્યુરીટી સેવા
9) પશુ આહાર, ઘાસચારો તથા પશુઓની દવા તથા સારવાર સંબંધિત સેવાઓ.
10) કૃષિ કામગીરી, પેસ્ટ કન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા
11) ઉક્ત તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ.
12) આંતરરાજ્ય, આંતર જિલ્લા અને આંતર શહેરોમાં વ્યાપાર / સેવાના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી ટ્રાન્સપોર્ટ સેવાઓ તથા તેને સંલગ્ન ઈ-કોમર્સ સેવાઓ.
13) તમામ પ્રકારના ઉત્પાદન/ઔદ્યોગિક એકમો અને તેને રો-મટીરીયલ પૂરો પાડતા એકમો ચાલુ રહેશે અને તેમના સ્ટાફ માટેની વાહન વ્યવસ્થા ચાલુ રહેશે. જે દરમિયાન COVID-19 સંબંધિત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14) બાંધકામને લગતી પ્રવૃત્તિઓ ચાલુ રહેશે જે દરમિયાન COVID-19 સંબંધિત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. **કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭.૧૨.૨૦૨૧ના હુકમથી જાહેર કરવામાં આવેલ નીચે મુજબના National Directives for Covid-19નું સમગ્ર વડોદરા શહેરમાં તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

1) Face Covering – Compulsory in public place, work place, during transport
2) Social Distancing –Individual must maintain a minimum 6 feet distance in public places. Shops will ensure physical distancing among customers.
3) Splitting in public place will be punishable with fine as per existing laws, rules or regulations.

**-:વિસ્તાર:-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા "THE EPIDEMIC DISEASES ACT 1897" અન્વયે "THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ સહિત, The Disaster Management Act, 2005 ની જોગવાઇઓ હેઠળ તેમજ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.



Scanned by CamScanner

-:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની જોગવાઈઓ મુજબ તેમજ જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૩ /૦૨/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(પોલીસ કમિશ્નર, વડોદરા શહેર — સિક્કો)

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાન પત્રોમા તથા ચેનલોમા વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધ કરવા વિનંતી સહ**

Scanned by CamScanner